# પંદરમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**બીજું સત્ર**

## શુક્રવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૨૩

## પહેલી બેઠક

## સવારના ૧૦–૦૦ થી બપોરના ૨–૩૦ વાગ્યા સુધી

**૧. સરકારી વિધેયક**

સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૩નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક ...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**.....માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

**૨. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

## બીજી બેઠક

## બપોરના ૩–૩૦ થી સાંજના ૮–૦૦ વાગ્યા સુધી

**૧. પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી

(૨) માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી

**૨. માનનીય શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઇ ડીંડોરનો પ્રસ્તાવ**

“ આ સભાગૃહ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની કલમ ૨(૨) વર્ગ–ખ ચૂંટાયેલા સભ્યો, પેટા કલમ– ૧૦ ની જોગવાઇ મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના બે સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. ”

**૩. માનનીય આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઇ ડીંડોરનો પ્રસ્તાવ**

" આ સભાગૃહ ભારતના બંધારણના પરિશિષ્ટ–૫ ના ફકરા–૪ હેઠળ સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તા.૧૯–૮–૧૯૬૦ના જાહેરનામા ક્રમાંક–ટીએસી/૧૨૬૦/ગ અન્વયે ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યોશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. "

**૪. માનનીય સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માનો પ્રસ્તાવ**

" આ સભાગૃહ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૫૬(૧) (૫) મુજબ ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. "

**૫. માનનીય પંચાયત મંત્રીશ્રી બચુભાઇ ખાબડનો પ્રસ્તાવ**

" આ સભાગૃહ સને ૧૯૯૩ ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૨૬૬ ની પેટા કલમ–૧(ગ) ના ખંડ–(૬) મુજબ રાજ્ય પંચાયત કાઉન્સિલ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. "

**૬. માનનીય અધ્યક્ષશ્રીએ કરવાની જાહેરાત**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક અને કચ્છ યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક એમ જુદી જુદી યુનિવર્સિટીની સેનેટ કે કોર્ટ ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની તેમજ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ તેમજ પંચાયતી રાજ સમિતિ પર ૧૫–૧૫ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત.

**૭. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

**૮. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પો**

**(૧) માનનીય સભ્યશ્રી વિપુલકુમાર પટેલનો સંકલ્પ**

૬૦ મિનિટ

" ભારતીયો તરીકે આપણી નિષ્ઠાને કોઈ પણ પ્રકારની સ્પર્ધાત્મક નિષ્ઠા દ્વારા અસર પહોંચે એવું હું ઈચ્છતો નથી. "................ ડૉ. બી.આર.આંબેડકર

તાજેતરમાં બ્રિટીશ બ્રોડકાસ્ટીંગ કોર્પોરેશન (બી.બી.સી.) દ્વારા બહાર પાડવામાં આવેલ ડોક્યુમેન્ટરીમાં સને ૨૦૦૨માં સર્જાયેલ ગોધરાકાંડ અને ત્યારબાદ ગુજરાતમાં થયેલ કોમી રમખાણો સંદર્ભમાં તત્કાલીન રાજ્ય સરકારને દોષીત ઠેરવવાનો ફરી એકવાર દુષ્પ્રયાસ કરવામાં આવેલ છે.

સને ૨૦૦૨ની આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓના સંદર્ભમાં ઝીણવટભરી તપાસ કરી એના પ્રતિભાવ રૂપે, રાજ્ય સરકારે, તા.૦૬/૦૩/૨૦૦૨ના જાહેરનામાથી, ન્યાયમૂર્તિ શ્રી કે.જી.શાહ હેઠળ તપાસ પંચની રચના કરી તેમજ તા.૨૧/૦૫/૨૦૦૨ની અધિસૂચનાથી નિવૃત્ત જસ્ટીસ શ્રી જી. ટી. નાણાવટીને નાણાવટી–શાહ કમિશનના અધ્યક્ષ તરીકે તેમજ નિવૃત્ત હાઇકોર્ટ જસ્ટીસ શ્રી કે.જી.શાહને સભ્ય તરીકે નીમવામાં આવેલ. આ તપાસ પંચના કાર્યક્ષેત્રમાં સરકારે તા. ૨૦/૦૭/૨૦૦૪ના રોજ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને તેમના મંત્રીઓની વર્તણૂંકને કમિશનના તપાસ દાયરામાં સમાવીને ઇતિહાસ રચ્યો હતો. આ અભૂતપૂર્વ કાર્યવાહી એ જવાબદેહી અને પારદર્શિતાના સિદ્ધાંતને પૂર્ણ કર્યો છે.

સદરહુ તપાસપંચ દ્વારા હાથ ધરાયેલ વિસ્તૃત તપાસના અંતે પંચ એવા તારણ પર આવેલ હતું કે, ગોધરા રેલ્વે સ્ટેશને તા.૨૭/૦૨/૨૦૦૨ના રોજ ટ્રેનનો ડબ્બો સળગાવવાની ઘટના એ પૂર્વ આયોજિત કાવતરું હતું. તા. ૨૭/૦૨/૨૦૦૨ બાદ ગુજરાતમાં ફાટી નીકળેલ કોમી રમખાણો સ્વયંભુ હતાં.

આ રમખાણોમાં રાજ્ય સરકાર, ધાર્મિક સંગઠન કે રાજકીય પક્ષે કોઇ ભૂમિકા ભજવી હોવાના કોઇ પૂરાવા મળ્યા ન હોવાનું તપાસ પંચે અહેવાલમાં જણાવેલ છે. સદરહુ બંને અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવેલ છે.

આ બાબતને વિચારણામાં લઇને, ઘટનાક્રમની સમીક્ષા કરવી એ આ સભાગૃહ માટે અગત્યનું બની રહે છે કે જે ૨૦૦૨ની ગુજરાતની હિંસામાં વર્તમાન માન. વડાપ્રધાનશ્રીને સ્પષ્ટ રીતે નિર્દોષ હોવા તરફ દોરી જાય છે. વધુમાં, ગુજરાતની સરકાર વતી કોઇ સાંઠગાંઠ અને નિષ્ક્રિયતા થઇ હોવા સંબંધમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા દ્રઢતાપૂર્વક ઇન્કાર કરવામાં આવેલ છે.

તાજેતરમાં જ પ્રસિધ્ધ થયેલ બી.બી.સી. ડોકયુમેન્ટરી દ્વારા ગુજરાતની આ ઘટનાઓના સંદર્ભમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબની છબી અને લોકપ્રિયતાને ઇરાદાપૂર્વક નુકશાન પહોંચાડવાનો હીન પ્રયાસ કરાયો છે. ઘટનાના વીસ વર્ષ બાદ ડોકયુમેન્ટરી દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીની આંતરરાષ્ટ્રીય સ્તરે વધતી પ્રતિષ્ઠા, તેમનું અડગ નેતૃત્વ અને સામાજિક તથા આર્થિક ક્ષેત્રે ભારતને વિશ્વમાં અગ્રીમ સ્થાન અપાવવાના તેમના દ્રઢ ઇરાદાને નિષ્ફળ બનાવવાના એજન્ડા સહિત ઘટનાના વીસ વર્ષ બાદ તેની ડોક્યુમેન્ટરી જાહેર કરીને બી.બી.સી.

નકારાત્મક ભૂમિકા ભજવી રહ્યું હોય તેમ જણાય છે આ ડોકયુમેન્ટરી દ્વારા ગુજરાતમાં બનેલ આ કમનસીબ ઘટનાઓ માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રીને સીધા જ જવાબદાર ગણાવે છે, જે નાણાવટી કમિશને ગોધરાકાંડ તેમજ ત્યાર બાદના કોમી બનાવો અંગે રાજ્ય સરકારને "ક્લીન ચીટ" આપે છે, તેનાથી તદ્દન વિપરીત છે.

કેટલાક તેજોદ્વેષી તત્વો તથા વિદેશી સરકારના હાથા બની બેઠેલા એન.જી.ઓ. દ્વારા તત્કાલિન માન. મુખ્યમંત્રીશ્રી, પદાધિકારીઓ તેમજ અધિકારીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જવાબદાર ઠેરવવાની માગણી સાથે મેટ્રો કોર્ટ, ગુજરાત હાઈકોર્ટે અને સુપ્રીમ કોર્ટ સુધી કરેલ પ્રયાસો અસફળ રહ્યા છે. વર્ષ ૨૦૦૨ની ઘટનાઓને ખોટી રીતે રજૂ કરતી બી.બી.સી.ની આ ડોકયુમેન્ટરી બદઈરાદા પ્રેરીત અને ભારતની વૈશ્વિક છબીને આંતરરાષ્ટ્રીય સ્તરે ખરડાવવાનો આ સૌથી હીન કક્ષાનો પ્રયાસ છે.

ભારત એક લોકશાહી દેશ છે અને અભિવ્યક્તિની સ્વતંત્રતા તેના બંધારણના પાયામાં છે, પરંતુ, તેનો અર્થ એવો નથી કે આવી સ્વતંત્રતાનો દુરૂપયોગ કરીને, કોઈ સમાચાર માધ્યમ સ્વચ્છંદતાપૂર્વક વર્તે. જો કોઈ આવું વર્તન કરે કે કૃત્ય કરે તો તેને સહેજ પણ સાંખી લઈ શકાય નહિ. બી.બી.સી. તેની વિશ્વસનીયતા ગુમાવી રહ્યું છે અને ભારત દેશ તથા ભારત સરકાર સામે કોઈ છૂપા એજન્ડા સાથે કામ કરી રહ્યું હોય તેમ જણાય છે.

આથી બી.બી.સી.ની ડોકયુમેન્ટરીમાં દર્શાવેલ મનઘડંત તારણો સામે કડક પગલાં લેવા આ સભાગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે.

**(૨) માનનીય સભ્ય ડૉ. કિરીટકુમાર પટેલનો સંકલ્પ**

**૬૦ મિનિટ** રાજ્યમાં ડુંગળી, બટાટા, લસણ અને અન્ય પાકોના લઘુત્તમ ભાવો ખેડૂતોને મળતા નથી. ખેડૂતોને ડુંગળી અને બટાટાનો પાક પકવવા માટે બિયારણ, દવા, સિંચાઈ અને મજૂરી સહિત થતા ખર્ચ જેટલી રકમ પણ તેના વેચાણમાંથી ઉપજતી નથી, તેના કારણે ખેડૂતો દેવાદાર થાય છે અને આપઘાત કરવા મજબુર બને છે. આથી રાજ્યમાં ખેડૂતોને ડુંગળી, બટાટા અને લસણ સહિતના પાકોના પોષણક્ષમ ભાવ મળે તે માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે.

**×× (૩) માનનીય સભ્યશ્રી મહેશ કસવાલાનો સંકલ્પ**

દેશી ધાન્યનો વપરાશ યુવાધનથી લઈને સૌ કોઈના સ્વાસ્થ્ય માટે ખૂબ અગત્યનો છે. તેથી દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા બાજરો, જુવાર, રાગી વગેરે જેવા દેશી પ્રાકૃતિક ધાન્યોનો વપરાશ વધે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ જાડા ધાન્યનું મહત્વ સમજીને ચાલુ વર્ષને "ઈન્ટરનેશલ મિલેટ યર" તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

મિલેટ્સ એ નાના બીજનું સામૂહિક જૂથ છે, જે અનાજ તરીકે ઉગાડવામાં આવે છે અને મુખ્યત્વે સૂકી જમીન પર ૧૩૧ દેશોમાં તેનું વાવેતર કરવામાં આવે છે. બાજરી પરંપરાગત રીતે એશિયા અને આફ્રિકાના ૫૯ કરોડ લોકો માટેના મુખ્ય ખોરાક છે. ચાલુ વર્ષને ***International Year Of Millets (IYOM)-2023*** તરીકે જાહેર કરાતાં કેટલાક રાજ્યોએ "મિશન ઓન મિલેટ્સ" ચાલુ કર્યું છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય દ્વારા પોષણ મિશન હેઠળ બાજરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સેન્ટર ઓફ એક્સેલેન્સ દ્વારા વધુ ઉત્પાદન આપતી બાજરીની બાયોફોર્ટીફાઇડ ચાર જાતો સહિત કુલ તેર જાતો વિકસાવવામાં આવી છે પરિણામે બાજરીનું ઉત્પાદન વધતાં તેની નિકાસ પણ વધી છે. ભારત સરકારે સંયુક્ત રાષ્ટ્ર સમક્ષ વર્ષ ૨૦૨૩ને ***International Year Of Millets (IYOM)*** તરીકે જાહેર કરવા પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે જેથી ભારતીય મિલેટ્સની વાનગીઓ અને તેના મૂલ્યવર્ધિત ઉત્પાદનોનો વૈશ્વિક સ્તરે સ્વીકાર કરવામાં આવે.

આપણે સૌ એ તો જાણીએ છીએ કે, વિશ્વ કક્ષાએ "ઇન્ટરનેશલ યર ઓફ મિલેટ્સ–૨૦૨૩"ની ઉજવણી થઇ રહી છે, પ્રાચીન સમયથી બાજરી, જુવાર, જવ, રાગી, કોદરી, બંટી જેવાં જાડાં ધાન્યનો ઉપયોગ આપણે કરતા આવ્યા છીએ. આ પ્રકારના જાડા ધાન્યોમાં લોહતત્ત્વ, કેલ્શિયમથી લઈને વિવિધ વિટામીનને કારણે ખોરાકમાં તેનો ઉપયોગ મનુષ્યને અનેક રોગો સામે રક્ષણ આપીને નિરોગી જીવન બક્ષે છે. આથી જ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ મિલેટ ઉત્સવની તાજેતરમાં ઉજવણી કરી છે, ત્યારે મિલેટ વર્ષ દરમિયાન જાડાં અનાજના ઉપયોગ વિશે લોકોમાં જાગૃતિ આવે અને લોકો તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરીને નિરોગી રહે તે માટેના જરૂરી પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

---

×× **માનનીય સભ્યશ્રી મહેશ કસવાલાનો સંકલ્પ નિયમ–૧૧૭(૫)ના પરંતુકની જોગવાઇને આધીન છે**.

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૭મી માર્ચ, ૨૦૨૩**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**